## અંધ અને વિકલાંગ કર્મચારીઓને પરિવહન ભથ્થા અંગે

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ઠરાવ નં. : મસબ-2000-75-ચ,
સચિવાલય, ગાંધીનગર, તા. 1-2-2000

*વંચાણે લીધા :* (1) *નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : પગર-1098-36-મ, તા. 20-5-'98.*

(2) *સમાજકલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંક : અપગ-1096-279-છ, તા. 1-7-'98.*

(3) *નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : મસભ-1278-86-જ, તા. 5-1-'79.*

**આમુખ :** ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (1) આગળ દર્શાવેલ નાણાં વિભાગના તા. 20-5-'98ના ઠરાવ અન્વયે સરકારી કર્મચારીઓ અને પંચાયતના કર્મચારીઓને તા. 1-4-'98ની અસરથી પરિવહન ભથ્થું મંજૂર કરવામાં આવેલ છે. આ ઠરાવની શરત નંબર 2(5) અનુસાર અંધ અને વિકલાંગ કર્મચારીઓને વંચાણે લીધેલ ક્રમાંક (3) આગળ દર્શાવેલ નાણાં વિભાગના તા. 5-1-'79ના ઠરાવ અનુસાર અને તેમાં વખતોવખત સુધારણા મુજબ જે વાહનભથ્થું મળતું હતું તે બંધ કરીને અંધ અને વિકલાંગ કર્મચારીઓ કે જેઓના નિવાસસ્થાન અને કચેરી વચ્ચે એક કિલોમીટરથી વધારે અંતર હોય તો મળવાપાત્ર સામાન્ય દરથી બમણા દરે અને આવા કર્મચારીઓ કે જેઓને સરકારી રહેણાંક કચેરીથી એક કિલોમીટરની અંદર ઓફિસ કેમ્પસમાં રહેણાંક ફાળવવામાં આવ્યું હોય તો એકવડા દરે (સિંગલ રેટ) પરિવહન ભથ્થું મંજૂર કરવામાં આવેલ છે અને આવા કર્મચારીઓ કે જેઓને સરકારી વાહનની સવલત આપવામાં આવેલ છે, તેઓને ટ્રાન્સપોર્ટ એલાઉન્સ મળવાપાત્ર નથી.

2. આમુખમાં ક્રમાંક નંબર (2) આગળ દર્શાવેલ સમાજકલ્યાણ વિભાગના તા. 1-7-'98ના ઠરાવ ફકરા નંબર 1(1) અને (3) અનુસાર અંધજન તથા તેની સાથે રાખવામાં આવતા સહાયકને તેમ જ 40% કે તેથી વધુ અપંગતા ધરાવતી વ્યક્તિઓને ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યહાર નિગમની બસોમાં રાજ્યની અંદર કરવામાં આવતી મુસાફરીનો લાભ સંપૂર્ણપણે મફત મળવાપાત્ર છે. આ લાભ આવા કર્મચારીઓને પણ મળવાપાત્ર હોવાની અને આ અંગેનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર ભોગવતી હોવાથી નાણાં વિભાગના તા. 20-5-'98ના ઠરાવથી શરત નં. 2(5)માં સુધારો કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી અને વિચારણાના અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે :

**ઠરાવ :** ઉપર મુજબમાં દર્શાવેલ હકીકતો ધ્યાનમાં લઈને નાણાં વિભાગના તા. 20-5-'98ના ઠરાવની શરત નં. 2 (5)માં નીચે મુજબનો સુધારો કરવાનુ ઠરાવવામાં આવે છે :

2. અંધ અને વિકલાંગ (Orthopaedically Handicapped) કર્મચારીઓને તેમના નિવાસસ્થાન અને કામકાજના (કચેરી)ના સ્થળ વચ્ચેના અંતરને ધ્યાનમાં લીધા સિવાય આવા સર્વે કર્મચારીઓને સામાન્ય દરે જ (Single Rate) પરિવહન ભથ્થું (ટ્રાન્સપોર્ટ એલાઉન્સ) મળવાપાત્ર થશે. અર્થાત્ હાલ જેઓને બેવડ દરે ટ્રાન્સપોર્ટ એલાઉન્સ મળે છે તેઓને પણ સામાન્ય દરે જ ટ્રાન્સપોર્ટ એલાઉન્સ મળવાપાત્ર થશે અને જેઓને સરકારી વાહનની સવલત આપવામાં આવેલ છે તેઓને ટ્રાન્સપોર્ટ એલાઉન્સ મળવાપાત્ર થશે નહિ.

3. આ હુકમો રાજ્ય સરકારના અને પંચાયતના કર્મચારીઓને લાગુ પડશે.

4. આ હુકમોનો અમલ તા. 1-2-2000થી કરવાનો રહેશે.

સહી, એન. એન. મહેતા
ઉપસચિવ, નાણાં વિભાગ